# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) **રાજ્ય સહિત દેશભરમાં આજે સંવિધાન દિવસની ઉજવણી કરાશે.**
2) **આજે રાષ્ટ્રીય દૂધ દિવસ, રાજ્યના દૂધ ઉત્પાદનમાં ગત 22 વર્ષમાં 120 લાખ મેટ્રિક ટનનો વધારો નોંધાયો.**
3) **દિવાળીની રજાઓ દરમિયાન રાજ્યના 16 પ્રવાસન સ્થળ અને યાત્રાધામમાં 61 લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી**
4) **રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવાની કોઈ આગાહી નહીં**
5) **મલેશિયામાં રમાયેલી એશિયા પેસિફિક ડેફ રમતોમાં ટેબલ ટેનિસની ઇવેન્ટ માટે અમદાવાદનાં ખેલાડીની પસંદગી**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# CONSTITUTION DAY

રાજ્ય સહિત દેશભરમાં આજે સંવિધાન દિવસની ઉજવણી કરાશે. ભારતીય સંવિધાનની આજે 75મી વર્ષગાંઠ છે. આજના જ દિવસે સંવિધાનને અપનાવવામાં આવ્યું હતું. સરકારે આ દિવસ નિમિત્તે આજથી એક વર્ષ સુધી યોજાનારા સમારોહનો પ્રારંભ કર્યો છે. આ સમારોહ 26 નવેમ્બર 2025 સુધી દેશભરમાં યોજાશે. સંવિધાન સભાએ 26 નવેમ્બર 1949ના દિવસે સંવિધાનને અપનાવ્યું હતું અને 26 જાન્યુઆરી 1950ના દિવસે સંવિધાનને લાગુ કરાયું હતું.

સંવિધાન દિવસ નિમિત્તે આજે દિલ્હીમાં સંવિધાન સદનના કેન્દ્રીય ખંડમાં ભવ્ય સમારોહ પણ યોજાશે, જ્યાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સંસદના બંને ગૃહને સંબોધિત કરશે. આ પ્રસંગે ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને દિલ્હીમાં રાજદૂતભવનોના પ્રમુખ ઉપસ્થિત રહેશે.

આજના દિવસે એક સ્મારક સિક્કા અને ટપાલ ટિકિટ સહિત "મેકિંગ ઓફ ધ કૉન્સ્ટિટ્યૂશન ઑફ ઇન્ડિયાઃ અ ગ્લિમ્પ્સ" અને "મેકિંગ ઑફ ધ કૉન્સ્ટિટ્યૂશન ઑફ ઇન્ડિયા એન્ડ ઇટ્સ ગ્લૉરિયસ જર્ની" નામના 2 પુસ્તક પણ જાહેર કરાશે.

---------------------------------------------------------------------

- **POOL- PRAVESH**
NAVIN

# BHAVNAGAR DABAN

ભાવનગરના અલંગ ખાતે 30 વર્ષથી વધુ સમયથી સરકારી જમીન પર થયેલા દબાણ તંત્ર દ્વારા દૂર કરાવાયા છે. નાના-મોટા વેપારીઓએ આ જગ્યા પર દબાણ કરી જહાજમાંથી નીકળતી જૂની વસ્તુઓનો વેપાર કરતા હતા.

આ વિસ્તારમાં 150 હેકટર વિસ્તારમાં દબાણો દૂર કરવા તંત્ર દ્વારા 450થી વધુ નૉટિસ પાઠવવામાં હતી. ગઈકાલે નૉટિસની મુદત પૂર્ણ થતાં તંત્ર દ્વારા દબાણ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

---

- (NDMS- PRAVESH)

# NATIONAL MILK DAY

દેશમાં આજે શ્વેત ક્રાન્તિના પિતા ડૉ. વર્ગીસ કુરિયનની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય દૂધ દિવસની ઉજવણી કરાશે. દેશની સાથે રાજ્ય પણ દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે. ગત 22 વર્ષમાં રાજ્યના દૂધ ઉત્પાદનમાં સરેરાશ 10.23 ટકાના વધારા સાથે અંદાજે 120 લાખ મેટ્રિક ટનનો વધારો નોંધાયો છે.

જ્યારે વાર્ષિક અંદાજે 173 લાખ મેટ્રિક ટન દૂધ ઉત્પાદન સાથે ગુજરાત સમગ્ર દેશમાં ચોથા ક્રમાંકે આવે છે. આ સાથે રાજ્યની માથાદીઠ દૂધ ઉત્પાદકતા પ્રતિદિન 291 ગ્રામ વધીને 670 ગ્રામ સુધી પહોંચી છે. આ અંગે સાંભળીએ અમારાં સંવાદદાતા અપર્ણા ખુંટનો એક અહેવાલ...

**(વૉઈસકાસ્ટ- અપર્ણા ખુંટ, સંવાદદાતા)**

---

- (માહિતી ખાતા ગાંધીનગર- પ્રવેશ)

NAVIN

# GPSC

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવનારી રાજ્ય વેરા નિરીક્ષક અધિકારીની પરીક્ષામાં ઉમેદવારોએ સંમતિપત્ર ભરવું પડશે. ગુજરાત જાહેર સેવા આયોગના અધ્યક્ષ હસમુખ પટેલે ગઈકાલે જણાવ્યું કે, તાજેતરમાં લેવાયેલી પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી જોવા મળી છે. ત્યારે આ વખતે સંમતિપત્રમાં કોઈ ફી લેવામાં નહીં આવે. સરકારના પૈસા, સમય ન વેડફાય તે માટે આ પ્રક્રિયા કરવામાં આવી છે.

શ્રી પટેલે ઉમેર્યું, આયોગે 11 કેડરની ભરતીમાં પ્રાથમિક કસોટીમાં ફેરફાર કર્યો છે. આમાં ભાગ એક પ્રશ્નપત્ર તમામ કેડર માટે એકસરખું રહેશે. જ્યાર ભાગ 2નું પ્રશ્નપત્ર વિષય પ્રમાણે અલગ-અલગ રહેશે. દરેકનો ભાગ એકનો અભ્યાસક્રમ સરખો હોવાથી હવે ભાગ એકનું સરખું જ પેપર હશે. ભાગ એક અને 2ની પરીક્ષામાં એકાદ અઠવાડિયાનું અંતર રેહવાથી ઉમેદવારોને તૈયારી કરવામાં સરળતા રહેશે

---------------------------------------------------------------------

- (PTC- GANDHINAGAR- PRAVESH)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# TST - Passionate Search Test

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ 9ના વિદ્યાર્થીઓ માટેની પ્રખરતા શોધ કસોટી આગામી 30મી જાન્યુઆરી 2025ના રોજ લેવામાં આવશે.

પ્રખરતા શોધ કસોટીના આવેદનપત્ર આજથી 10મી ડિસેમ્બર સુધી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ gseb.org અથવા Prakharta.gseb.org. પરથી ઓનલાઇન ભરી શકાશે. પરીક્ષા માટે આવેદનપત્ર ભરનારે બેન્ક ખાતા મુજબનું નામ, બેન્ક ખાતા નંબર, બેન્કની શાખા, IFSC કોડ વગેરેની વિગતો ભરવાની રહેશે. પરિણામ જાહેર થયા બાદ યાદીમાં આવનાર વિદ્યાર્થીઓને પુરસ્કારની રકમ બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે.

---------------------------------------------------------------------

- રીપીટ

# VISITORS GUJARAT

દિવાળીની રજાઓ દરમિયાન રાજ્યના 16 પ્રસિદ્ધ પ્રવાસન સ્થળ અને યાત્રાધામની 61 લાખ 70 હજાર 716 લોકોએ મુલાકાત લીધી હતી. 26 ઑક્ટોબરથી 15 નવેમ્બર સુધીના સમયગાળામાં પ્રવાસીઓનો ધસારો જોવા મળ્યો હતો.

સત્તાવાર માહિતી અનુસાર, સૌથી વધુ 13 લાખ 43 હજાર 490 પ્રવાસીઓ દ્વારકા મંદિરના દર્શનાર્થે આવ્યા હતા. જ્યારે અંબાજી મંદિર, શક્તિપીઠ પરિક્રમા, ગબ્બર રોપ-વે સહિતના અન્ય સ્થળો પર 12 લાખ 8 હજાર 273 પ્રવાસી ઉમટ્યા હતા. ઉપરાંત 4 લાખ 90 હજાર 151 પ્રવાસીઓ સ્ટેચ્યૂ ઑફ યુનિવર્સિટી સહિતના આકર્ષણો જોવા આવ્યા હતા. જ્યારે અમદાવાદનું કાંકરિયા તળાવ જોવા 5 લાખ 95 હજાર 178 સહેલાણીઓ આવ્યા હતા.

---------------------------------------------------------------------

- (ગાંધીનગર માહિતી ખાતા- પ્રવેશ)

NAVIN

# MAHISAGAR – BAL SCIENCE FAIR

મહિસાગર જિલ્લામાં ક્રિસ્ટલ આંતરરાષ્ટ્રીય શાળાના યજમાનપદે બે દિવસનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું હતું. આ પ્રદર્શનમાં ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષય ઉપર જિલ્લાની 55 શાળાઓના 110 બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાના વૈજ્ઞાનિક અભિગમના આધારે વિવિધ કૃતિઓનું નિર્માણ કરીને પ્રદર્શનમાં પ્રદર્શિત કરી હતી.

આ પ્રસંગે શિક્ષણમંત્રી ડૉ. કુબેર ડિંડોરે કહ્યું હતું કે નવી શિક્ષણનીતિમાં સ્કિલ કૌશલ્ય વિકાસ ઉપર વધુ ભાર મુકવામાં આવ્યો છે.

(બાઇટ- ડૉ. કુબેર ડિંડોર, શિક્ષણમંત્રી)

---

- PTC- MAHISAGAR- KAUSHIK JOSHI, AJAY SIR, SONAL

# WEATHER

રાજ્યમાં આગામી પાંચ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થવાની કોઈ આગાહી નથી. હવામાન વિભાગે જણાવ્યું કે, રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં સૌથી ઓછું 13 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કચ્છના નલિયામાં નોંધાયું હતું. જ્યારે કંડલા હવાઈમથક પર 15, ભુજમાં 17, કંડલા બંદર પર 18 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

ઉપરાંત ભાવનગર, દીવ, સુરેન્દ્રનગર અને અમદાવાદમાં 18, અમરેલીમાં 17, રાજકોટ અને બનાસકાંઠાના ડીસામાં 15, ગાંધીનગરમાં 14 ડિગ્રી તેમજ દ્વારકા અને વેરાવળમાં 21 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

---

- (IMD AHMEDABAD- PRAVESH)
NAVIN

# ASIA PACIFIC GAMES

મલેશિયાની રાજધાની કુઆલાલુમ્પિર ખાતે રમાયેલી 10મી એશિયા પેસિફિક ડેફ રમતોમાં ટેબલ ટેનિસની ઇવેન્ટ માટે અમદાવાદનાં ખેલાડી શાઈની ગૉમ્સની પસંદગી કરાઈ છે. આ રમતોમાં બેડમિન્ટન, ટેબલટેનિસ, ચેસ, જુડો, રેસલિંગ, ટેકવૉન્ડો અને એથ્લેટિક્સની ઇવેન્ટ સામેલ કરાઈ છે.

ટેબલટેનિસની ઇવેન્ટ માટે અમદાવાદનાં યુવા ખેલાડી શાઈની ગૉમ્સની પસંદગી કરવામાં આવી છે. ભારતમાંથી કુલ 68 બધિર ખેલાડીઓ, 15 કૉચ અને નવ અધિકારીઓ એમ 92 લોકોની ટુકડી મલેશિયા જશે. તમામ ખેલાડીઓ હાલમાં દિલ્હી ખાતેના ઇન્દિરા ગાંધી સ્ટેડિયમ અને જવાહરલાલ નેહરુ સ્ટેડિયમના કેમ્પમાં ભાગ લઈ રહ્યા છે.

અમદાવાદનાં શાઈની ગૉમ્સે અગાઉ વિશ્વ બધિર ટેબલટેનિસ સ્પર્ધામાં ટીમ ઇવેન્ટમાં સુવર્ણ અને વ્યક્તિગત ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક હાંસલ કર્યો હતો.

---------------------------------------------------------------------

- **(SANDESH NEWSPAPER- PRAVESH)**

NAVIN